सत्यमेव जयते

<u>તાત્કાલીક / સમય મર્યાદા/</u>
<u>ખૂબ અગત્યનું.</u>

ક્રમાંક: ચટણ – ૧૦૨૦૧૭ – ૩૭૮૫ – ગ
ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૫/૦૨/૨૦૧૯.

પ્રતિ,
શ્રી ચેતન પંડ્યા,
નાયબ સચિવ,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન, સેક્ટર-૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.

વિષય : જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મુકવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના આપના તા.૧૧-૦૨-૨૦૧૯ના પત્ર ક્રમાંક:વિ-૧/સમેસ/૫(૩)૪૦૨૭ના સંબંધમાં સવિનય જણાવવાનું કે, તા.૧૦-૧૦-૨૦૧૮ના **જાહેરનામું** ક્રમાંક: કેપી/૨૦૧૮નો ૨૩/ ઇએલસી/૧૦૨૦૧૭/૩૭૮૫/જી ની ૩૫૦ અંગ્રેજી અને ગુજરાતી નકલો આ સાથે મોકલી આપવામાં આવે છે, જે આપશ્રીને વિદિત થાય.

આપનો વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ

( વનરાજસિંહ પઢારીયા )
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

<u>નકલ રવાના પ્રતિ:</u>

- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, પી-શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Extra No. 90

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX] WEDNESDAY, OCTOBER 10, 2018/ ASVINA 18, 1940

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

**Orders and Notifications (Other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

**PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT**

**ORDER**

Sachivalaya, Gandhinagar, 10th October, 2018.

**GUJARAT PANCHAYAT ACT, 1993.**

No. KP/23 of 2018/ELC/102017/3785/G:- WHEREAS, certain draft of rules amending the Gujarat Panchayats Election Rules, 1994 were published as required by sub-section (5) of section 274 read with sub-section (2) of section 15 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) at the pages 53-1 to 53-2 of the Gujarat Government Gazette, Extraordinary, Part I-A, Central Section dated the 18th June, 2018, under the Government Notification, Panchayats, Rural Housing and Rural Development Department No.KP/12 of 2018/ELC/102017/3785/G, dated the 18th June, 2018, inviting objections and suggestions from all persons likely to be affected thereby, within a period of thirty days from the date of publication of the said draft notification in the *Official Gazette*;;

AND WHEREAS, no objection or suggestion has been received by the Government in respect to the said draft notification;

NOW, THEREFORE, in exercise of the powers conferred by sub-section (1) of section 274 read with sub-section (2) of section 15 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Panchayats Elections Rules, 1994, namely:-

1. These rules may be called the Gujarat Panchayats Elections (Amendment) Rules, 2018.

2. In the Gujarat Panchayats Elections Rules, 1994, in Form-4, in Part-I, for paragraph, "Candidate's Name ______________________________ father's *mother's *husband's name ________________ sex (male or female) ______________", the following paragraphs shall be inserted, namely:-

"In case of male candidate, candidate's first name ____________________ *fathers *mother's name ____________________ surname ______________"

"In case of female candidate, if married –

candidate's first name ______________ husband's name ______________ surname ___________.

candidate's maiden first name ______________________ *fathers *mother's name ________________ surname __________."

In case of female candidate, if unmarried –

candidate's first name __________________________ *fathers *mother's name ____________________ surname __________."

By order and in the name of the Governor of Gujarat,

**VANRAJSINH PADHARIYA,**
Deputy Secretary to Government.

------------

Government Central Press, Gandhinagar.

Extra No. 282

વાર્ષિક લવાજમનો દર રૂા.૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ] THURSDAY, OCTOBER 25, 2018/KARTIKA 3, 1940

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૮

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ** વિભાગના **તારીખઃ ૧૦મી ઓક્ટોબર,** ૨૦૧૮ના જાહેરનામા **ક્રમાંકઃ** કેપી/૨૦૧૮/નો ૨૩/ઇએલસી/ **૧૦૨૦૧૭/૩૭૮૫/જી.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Gujarat Panchayats Elections Rules, 1994.**

**ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારવા સંબધી**

**જાહેરનામું.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર.**

**તારીખ:૧૦મી ઓક્ટોબર, ૨૦૧૮.**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંક: કેપી/૨૦૧૮નો૨૩/ઇએલસી/૧૦૨૦૧૭/૩૭૮૫/જી**:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૧૮મી જૂન, ૨૦૧૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૧૮નો૧૨/ઇએલસી/૧૦૨૦૧૭/૩૭૮૫/જી. હેઠળ, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાના મુસદ્દાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અને સૂચનો મંગાવતો ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારતા નિયમોનો અમુક મુસદ્દો તારીખ: ૧૮મી જૂન, ૨૦૧૮ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેક્શનમાં પાના ૫૩-૧ થી ૫૩-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો;

અને, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો, ૨૦૧૮ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪માં, નમૂના-૪માં, ભાગ-૧માં, "ઉમેદવારનું નામ ________ ________ *પિતા/માતા/પતિનું નામ ________ જાતિ (પુરુષ અથવા સ્ત્રી) ________ "એ પરિચ્છેદને બદલે, નીચેના પરિચ્છેદો દાખલ કરવા:-

"પુરુષ ઉમેદવારના કિસ્સામાં, ઉમેદવારનું પ્રથમ નામ ________ *પિતાનું/ *માતાનું નામ ________ અટક ________".

"સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, પરિણીત હોય તો-

ઉમેદવારનું પ્રથમ નામ ________ પતિનું નામ ________ ________ અટક ________.

સ્ત્રી ઉમેદવારનું લગ્ન પહેલાંનું પ્રથમ નામ ________ *પિતાનું/ *માતાનું નામ ________ ________ અટક ________."

"સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, અપરિણીત હોય તો-

ઉમેદવારનું પ્રથમ નામ ________ *પિતાનું/ *માતાનું નામ ________ ________ અટક ________."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**વનરાજસિંહ પઢારિયા,**

સરકારના નાયબ સચિવ.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.